
## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




કાલે ગુરુજીને પુછી જ લઈએ... કે પેટ્રોલમાં બે રૂપિયા વધે છે તો દૂધમાં વધી જ જાય છે અને ઘટે છે તો કાંઈ ફેર નથી પડતો...!!





જયોતિ મહીલા મંડળ દ્વારા ફરતા ગરબા સ્પર્ધાના અંતે મંગળવારે બેઠા ગરબા સ્પર્ધા ગરબા સુશોભન તેમજ શેરી ગરબા સ્પર્ધાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં વિવિધ સેકટરોની ૫૦૦ થી વધુ બહેનોએ ભાગ લીધો હતો. શરદોત્સવની ઉજવણી પુર્વે સેકટરોની બહેનોએ અદભુત ગરબા રજુ કરી માંઇભકિતના દર્શન કરાવ્યા હતા. મંચ પરથી ભવ્ય અને સુશોભિત ગરબા સાથે સુરીલા સ્વરમાં શકિતની આરાધનાના અવસરે મોટી સંખ્યામાં બહેનોએ હાજરી આપી હતી.

# એસઆરપીના ઉમેદવારોએ પણ વેંઈટીગ લીસ્ટ મુદ્દે ધરણા યોજ્યા

ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે આજે એસઆરપીના ઉમેદવારોએ વેઈટીંગ લીસ્ટના મુદ્દે ધરણા કર્યા હતા.ભરતી હોવા છતા ભરતી કરવામાં આવતી નથી. તે માટે ગુજરાત રાજયના ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાને આવેદન પત્ર પાઠવી રજુઆત કરી હતી. અને વેઈટીંગ લીસ્ટ ઓપન કરવા જણાવ્યું હતું. પોલીસમાં જગ્યાઓ ખાલી હોવા છતા વેઈટીંગ લીસ્ટ ઓપન કરવામાં આવતું નથી તેવું ઉમેદવારો જણાવી રહ્યા હતા. સરકાર દ્વારા બધી પારદશર્ક જાહેરાત કરી તો આ ભરતીના ઓફ લાઈન ઓડર્ર કેમ નીકાળવામાં આવે છે.જેને પગલે હજ્જારો ઉમેદવારોને અન્યાય થઈ રહ્યો છે. જયારે ઉમેદવારોએ યોગ્ય ન્યાય નહીં મળે તો હાઈકોર્ટમાં રીટ પણ કરીશું અને ભરતી ઉપર સ્ટે પણ લગાવી દેવાની ચીમકી ઉચ્ચારી હતી. ૩૩ જિલ્લાના ઉમેદવારોએ ભાજપ સરકાર વિરુધ્ધુ સુત્રોચ્ચાર કરી રોષ ઠાલવ્યો હતો.

# વિકાસની વાતોના ગપગોળા સરકાર બંધ કરે : દિનેશજી ઠાકોર

### ખારી નદી પર ઓવરબ્રીજની હૈયાધારણ કાગળ પર છે તો વડોદરા-દહેગામ માર્ગનું કામ કયાં ચાલે છે કોઈને ખબર નથી

ગાંધીનગર, તા. ૩

એક તરફ ભારતીય જનતા પક્ષ તરફથી વિકાસની વાતો કરવામાં આવી રહી છે ત્યારે ડભોડા પંથક જે ગાંધીનગર (દ) બેઠકમાં આવે છે તેને ભારોભાર અન્યાય કરવામાં આવતો હોવાની સરકાર કાગળ પર પણ ખોટા જવાબો આપી રહી હોવાના ગંભીર આક્ષેપ કોંગ્રેસના સભ્ય દિનેશજી ઠાકોરે કર્યો છે.

તેમણે જણાવ્યુ કે ૧૬ ઓગષ્ટના મેં સ્વાગત ઓન લાઈનમાં નવ જેટલા મુદ્દા રજુ કર્યા હતા અને સરકારે ૨૩-૯-૧૭ના રોજ લેખિતમાં જે જવાબ આપ્યા છે તે સાવ ખોટા છે.

સાત જેટલા માર્ગો માટે તો હજુ સ્થળ તપાસ પણ બે માસ પછી કરવામાં આવી નથી. એટલુ જ નહિ ખારી નદી પર ઓવરબ્રીજ અને ડભોડા-દહેગામ રોડ પહોળો કરવા વારંવાર રજુઆતો કરી છે. આજ સુધી આ દિશામાં કોઈ જ કામગીરી થઈ નથી. સરકારે જણાવ્યું છે કે માર્ગ-મકાન વિભાગને તાત્કાલિક કામગીરી કરવા સૂચના અપાઈ છે. એક પણ અધિકારી આ વિસ્તારમાં આવ્યા નથી અને ઓવરબ્રીજની ડિઝાઈન કે તેના અંદાજો પણ તૈયાર નથી.

સરકારે દર વખતની જેમ છાપેલો જવાબ આપ્યો છે. તેમણે જણાવ્યુ કે હદ તો ત્યારે થાય છે કે વડોદરા જીયાપુરા ફાર્મથી શિવનગર ફાર્મ દહેગામ નરોડા હાઈવે ને જોડતા રસ્તાનુ કામ હાલ પ્રગતિમાં છે. હું વડોદરાથી રોજ અપડાઉન કરૂ છુ પણ કયાં કામ ચાલે છે તેની મને જ ખબર નથી તો વિસ્તારના લોકોને શુ ખબર હોય.

સરકાર ખોટી વાતો કરવાનું બંધ કરે અને ખરેખર પ્રજાહિતના કામો કરી સર્વસમાવેશ્યક વિકાસને અગ્રતા આપે. આ વિસ્તારમાં માર્ગ-મકાનના અધિકારીઓ આવ્યા નથી અને કોઈજ સ્થળ તપાસ અન્ય કામો માટે કરી નહિ હોવાથી આ પંથકને હળાહળ અન્યાય કરવામાં આવી રહ્યો હોવાનું તેમણે સ્પષ્ટ જણાવ્યુ હતુ.

# સે-૨૬ કિસાનનગરમાં નવરાત્રિ ચોકમાં ધાર્મિક હેતુ માટે જગ્યા ફાળવવા માંગ

### રેલવે લાઇન પાસેની જગ્યાને તબદીલ કરી નવરાત્રિ ચોકમાં ફાળવી આપવા સરકારને રજુઆત

ગાંધીનગર તા ૩

સે-૨૬ કિસાનનગર વસાહત મંડળ દ્વારા સેકટરના નવરાત્રિ ચોકમાં ધાર્મિક હેતુ માટે જગ્યા ફાળવવા માંગણી કરવામાં આવી છે. રેલવે લાઈન નજીક ફાળવવામાં આવેલી જગ્યાના બદલે નવરાત્રિ ચોકમાં જગ્યા આપવા માટે સરકારને રજુઆત કરવામાં આવી છે.

કિસાનનગર વસાહત મંડળના મહામંત્રી એસ એસ પટેલે આ અંગે નાયબ મુખ્યમંત્રીને રજુઆતમાં જણાંવ્યા મુજબ સે-૨૬ ના કિસાનનગર વિસ્તારમાં ૧૪૮૦ પરિવારો વસવાટ કરી રહયા છે. જયારે આ સેકટરમાં ધાર્મિક સ્થાન માટે પ્લોટ નં-૫૨૫-૨ ની પાછળના વિસ્તારમાં જગ્યા ફાળવવામાં આવી છે. જયારે આ ઠેકાણે રેલવે લાઈન નજીકમાં હોવાના લીધે સિનિયર સીટીઝન્સ તેમજ મહીલાઓને સામે છેડે જવામાં તકલીફ પડે તેવા સંજોગો છે. ત્યારે આ સ્થળના બદલે સેકટરના નવરાત્રિ ચોકમાં જગ્યા ફાળવવા નાયબ મુખ્યમંત્રીને રજુઆત કરવામાં આવી છે. સ્થાનિક રહીશોની શ્રધ્ધા અને ધાર્મિક વૃતિ પ્રવૃતિ સંતોષાય તેવા આશયથી આ જગ્યાને તબદીલ કરી નવરાત્રિ ચોકમાં ફાળવવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. કિસાન નગર વસાહતના રહીશોની લાગણીને ધ્યાને લઈ યોગ્ય ઠેકાણે જગ્યા ફાળવવા રજુઆતમાં જણાંવાયુ છે.

# આવતીકાલથી સિવિલ નર્સિંગ સ્ટાફ માસ સીએલ પર ઉતરશે

### સિવિલના ૩૭૫ જેટલા કર્મચારીઓ કાળીપટ્ટી ધારણ કરી રેલી કાઢશે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા નર્સિંગ સ્ટાફ આગામી તા.૫ મી ઓકટોબરના રોજ માસ સીએલ પર ઉતરશે. પોતાના પડતર પ્રશ્નોમાં ખાસ કરીને ૭મું પગારપંચ, પ્રમોશનના નિતી નિયમો નક્કી કરવા, વોશીંગ એલાઉન્સ સેન્ટ્રલ લેવલે ચુકવવું, તેમજ સ્ટાફ નર્સના સ્થાને નર્સિંગ ઓફીસનો દરજ્જો, કોન્ટ્રાકટ પ્રથા નાબુદ કરવી, ડિપ્લોમાં વિદ્યાર્થીઓને સ્ટાઈપેન્ડમાં રૂ.૫૦૦૦ આપવા સહિતના પ્રશ્નનો સમાવેશ થાય છે. ત્યારે સરકારી તંત્ર દ્વારા પડતર પ્રશ્નનો ઉકેલ ન આવતા નર્સિંગ સ્ટાફે માસ સીએલ પર જવાનો નિર્ણય જાહેર કર્યો છે. ત્યારે સિવિલમાં ફરજ બજાવતા અંદાજીત ૩૭૫ કર્મચારી ભાઈ બહેનો કાળીપટ્ટી ધારણ કરીને રેલી કાઢી પોતાની રજુઆત સરકાર સુધી પહોંચાડવાના મુડમાં જણાય છે.ત્યારે આ નિર્ણયને પગલે હોસ્પિટલના સત્તાધિશો પણ ચિંતિત જણાયા છે.

રાજય સરકાર સમક્ષ રાજયના નર્સિંગ સ્ટાફના યુનિયન દ્વારા વિવિધ પડતર પ્રશ્નનો ઉકેલ ન આવતા ઉગ્ર લડતનું રણશીંગુ ફુકયું છે. છેલ્લા અઠવાડીયાથી નર્સિંગ સ્ટાફ દ્વારા વિવિધ કાર્યક્રમો ગાંધી ચિંધ્યા માર્ગે આપવામાં આવી રહ્યા છે. જેમાં ફ્રી ડ્રેસ પહેરીને ફરજ પર આવવું, કાળી પટ્ટી ધારણ કરીને ફરજ પર આવવું, છતા તંત્ર દ્વારા નર્સિંગ સ્ટાફની માંગણીઓ સ્વીકારવામાં ન આવતા આખરે આગામી તા.૫ મી ઓકટોબરના રોજ ગાંધીનગર સિવિલમાં ફરજ બજાવતા જીએમઈઆરએસ અને કાયમી સહિત અંદાજીત ૩૭૫ કર્મચારી ભાઈ બહેનો માસ સીએલ પર ઉતરી વિરોધ નોંધાવશે અને કાળી પટ્ટી ધારણ કરીને રેલી નીકાળીને પોતાની માંગણી સરકાર સુધી પહોંચાડવાના મુડમાં જણાયા છે. સિવિલ કક્ષાએથી આરોગ્ય કમિશનર અને વિભાગ સુધી અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆત કરવા છતા કોઈ યોગ્ય નિર્ણય ન આવતા નર્સિંગ સ્ટાફે આ નિર્ણય જાહેર કર્યો છે. જેને પગલે હોસ્પિટલમાં તંત્રમાં પણ ચહલ પહલ વધી જવા પામી છે અને અધિકારીઓ ચિંતિત નજરે પડી રહ્યા છે.

# ગ્રામ્ય કોમ્પ્યુટર ઓપરેટરોએ સત્યાગ્રહ છાવણી ખાતે દેખાવો કરતા પોલીસ દ્વારા અટકાયત

ગાંધીનગર, તા.૩





રાજયની તમામ ગામ પંચાયતોમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજ બજાવતા કોમ્પ્યુટર ઓપરેટરોની પડતર માંગણીઓ નહીં સંતોષાતા આજે સત્યાગ્રહ છાવણી ખાતે ૩૦૦ જેટલા કોમ્પ્યુટર ઓપરેટર આવી પહોંચ્યા હતા અને દેખાવો કરતા પોલીસે અટકાયત કરી હતી.

રાજયમાં આશરે વર્ષોથી ૧૩ હજાર જેટલા ગ્રામ્ય કોમ્પ્યુટર ઓપરેટરો ફરજ બજાવે છે. ઓપરેટરોને પગાર ચુકવાતો નથી માત્ર કમિશન પર રાખવામાં આવ્યા છે. પરંતુ કારમી મોંઘવારીમાં કોમ્પ્યુટર ઓપરેટરોને પોસાતુ નથી. ત્યારે તેઓની માંગણી છેકે કમિશન પ્રથા નાબુદ કરો અને નિયમ અનુસાર સરકારી નોકરીમાં કાયમી કરવા, તેમજ સરકારી કર્મચારીઓને મળતા તમામ લાભો આપવા સહિતના પ્રશ્ને લડત ચલાવી રહ્યા છે. અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆત સરકાર સમક્ષ કરી છે છતા સરકાર દ્વારા કોમ્પ્યુટર ઓપરેટરોની માંગ પર તંત્ર દ્વારા ધ્યાન આપવામાં નહી આવતા આજે વીસીઈ કોમ્પ્યુટરના ૩૦૦ જેટલા કર્મચારીઓ સત્યાગ્રહ છાવણી ખાતે એકઠા થયા હતા અને સરકાર વિરુધ્ધ સુત્રોચ્ચાર કરી રોષ ઠાલવતા હતા તે દરમિયાન પોલીસે આવી કોમ્પ્યુટર ઓપરેટરોની અટકાયત કરી હતી.

# જલારામ ધામ અને મધુવન ફાર્મ ખાતે શરદપૂનમના ગરબા યોજાશે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરમાં શરદ પૂનમના ગરબાનું આયોજન વિવિધ સંસ્થાઓ દ્વારા કરવામાં આવ્યું છે. નવરાત્રી બાદ શરદપૂનમના ગરબામાં પણ યુવાધન હિલોડે ચડે છે. શરદ પૂનમના દિવસે દુધ પૌંવા અને ગરબાના વિશેષ આયોજન કરવામાં આવે છે. ત્યારે જલારામ ધામ સે-૨૯ અને ક-૭ પાસે મધુવન ફાર્મ ખાતે સમાજના પરિવારો માટે શરદપૂર્ણિમાના ગરબાના ખાસ આયોજન કરાયું છે.

શરદપૂનમની અજવાળી રાત્રે શ્રધ્ધા ભકિત અને પારસ્પારિક સ્નેહભર્યા વાતાવરણમાં શરદપૂનમના ગરબાના આયોજન કરવામાં આવ્યા છે. ત્યારે આગામી તા.૫ મી ઓકટોબરના રોજ સેકટર-૨૯ જલારામ ધામના પટાંગણમાં રાત્રે ૮.૩૦ કલાકે ગાયત્રી ઓરકેસ્ટ્રા દ્વારા મસ્તીભર્યા સુરોના સથવારે શરદપૂનમના રાસગરબાની રમઝટ જામશે.તો આ પ્રસંગે સમાજના સૌ સભ્યોને સહ પરિવાર હાજર રહેવા જલારામ ધામ પરિવાર દ્વારા અનુરોધ કરાયો છે.

જયારે અન્ય સ્થળમાં મધુવન ફાર્મ હોટલ ઘુંઘટ પાસે ક-૭ પાસે શરદપૂનમ નિમિતે ગાંધીનગર શહેર આંજણા ચૌધરી સમાજ પરિવાર માટે રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાત્રે ૮ કલાકે રાસગરબારની રમઝટ જામશે. જયારે દિપકભાઈ બી.ચૌધરીએ સમાજના પહેરવેશમાં આવવા અનુરોધ કર્યો છે.તેમજ મધુવન નો મધુરો સ્વાદ નાસ્તો દુધ-પૌંઆ સાથે લઈશું તેમ મધુવન પરિવાર દ્વારા જણાવાયું છે.

## ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠક યોજાશે

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની ઓકટોબર-૨૦૧૭ની કાર્યવાહક સમિતિની માસિક બેઠક તા.૫ ઓકટોબરને ગુરુવારના રોજ સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને સાંજે ૪ કલાકે સ્વસ્તિક કોમ્પ્લેક્ષ, બીજે માળ સેકટર ૨૨ ખાતે યોજાશે.આ બેઠકમાં નવિન ડિરેકટરી અને અમૃત મહોત્સવ-૨૦૧૭ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવશે. જેમાં સંસ્થાના તમામ પદાધિકારીઓ અને કાર્યવાહક સમિતિના સભ્યોને હાજર રહેવા પ્રવર મંત્રી રમણલાલ શ્રીમાળીએ અનુરોધ કર્યો છે.

# પ્રમાણિક નેતાઓનું આપ પાર્ટીમાં સ્વાગત : ગોપાલ રાય

### વિધાનસભાની ચૂંટણીઓને અનુલક્ષીને આપ પાર્ટી આ મહિને પાંચ સંમેલન કરશે

ગાંધીનગર, તા. ૩



ગાંધીનગરમાં આજે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય નેતા તથા ગુજરાતના પ્રભારી ગોપાલ રાયે ભાજપ પર આકરા પ્રહારો કરતા જણાવ્યુ હતુ કે ‘ગુજરાતની ભાજપ સરકાર અહંકારી સરકાર છે અને તેનો અહંકાર એવરેસ્ટ કરતા પણ ઊંચો છે. આ સાથે ગોપાલ રાયે આગામી વિધાનસભાની ચૂંટણીઓને અનુલક્ષીને આપ પાર્ટીનો રોડમેપ અંગે જાણકારી આપી હતી.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ સરકારને ઉખાડી ફેંકવા આમ આદમી પાર્ટી તમામ ઈમાનદાર નેતાઓને સંગઠિત કરશે પછી ભલે તે કોઈપણ પક્ષનો નેતા હોય. આ સાથે આમ આદમી પાર્ટી ઓક્ટોબર માસમાં તા. ૫ થી તા. ૩૦ દરમ્યાન દક્ષિણ ગુજરાતમાં પાંચ જગ્યાએ મોટા સંમેલનનું આયોજન કરશે. ગોપાલ રાયે જણાવ્યુ હતુ કે ગુજરાતમાં જો આમ આદમી પાર્ટીની સરકાર રચાશે તો દિલ્હીની જેમ અહીં પણ આરોગ્ય તથા શિક્ષણક્ષેત્રે પરિવર્તન સાથે સામાન્ય નાગરિક માટેનો સાચો વિકાસ સાધવામાં આવશે.

# આજે ઈજનેરી કોલેજના સહાયક પ્રાધ્યાપકોના ધરણા

### ઉપવાસમાં ૩૦ જેટલી પોલીટેકનીક કોલેજના કરાર આધારીત વ્યાખ્યાતાઓ પણ જોડાશે

ગાંધીનગર, તા.૩

રાજયના ટેકનીકલ શિક્ષણ વિભાગ અંતર્ગતની ૩૦ જેટલી સરકારી પોલીટેકનીકો અને ૧૭ જેટલી ઈજનેરી કોલેજોમાં કરાર આધારીત લેકચર્સ અને સહાયક પ્રાધ્યાપકો છેલ્લા ૧૦ વર્ષથી વિવિધ કોલેજમાં ફરજ બજાવે છે. આ લેકચર્સ અને સહાયક પ્રાધ્યાપકોને ફિકસ પગાર ચુકવવામાં આવી રહ્યો છે. જેમાં વર્ષોથી કોઈ વધારો નોંધાયો નથી તેમજ વર્ગ-૨ ની નોકરી અને વર્ગ-૩ કરતા પણ પગાર ધોરણ ઓછુ મળતા સહાયક પ્રાધ્યાપકો અને લેકચર્સમાં રોષ ભભુકી ઉઠ્યો છે. સરકારમાં અનેકવાર રજુઆત કરવા છતા કોઈ નિવેડો ન આવતા શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે તા.૪ ઓકટોબરના રોજ રાજયભરની કોલેજના સહાયક પ્રાધ્યાપકો અને લેકચર્સ મહાઉપવાસ પર ઉતરશે.

સરકારી વિવિધ પોલીટેકનીક અને સરકારી ઈજનેરી કોલેજમાં ફરજ બજાવતા સહાયક પ્રાધ્યાપકો અને લેકચર્સ તરીકે વર્ષોથી તેઓ સેવા આપે છે. જયારે ૧૦૦ વ્યાખ્યાતાઓને વિના નોટીસે છુટા કરી દેવામાં આવ્યા છે. જેને પગલે ફરજ બજાવતા વ્યાખ્યાતાઓને હરહંમેશ નોકરી છુટવાનો ડર રહે છે.ઉપરાંત કરાર આધારીત વ્યાખ્યાતાઓ અને સહાયક પ્રાધ્યાપકોને વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓને તાજેતરમાં અપાયેલા ૬૪ ટકાથી લઈ ૧૨૪ ટકા સુધીના પગાર વધારાથી પણ બાકાત રાખવામાં આવ્યા છે. નાયબ મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલ દ્વારા ગત સત્રમાં ઉચ્ચ શિક્ષણ વિભાગના ખંડ સમયના વ્યાખ્યાતાઓને કાયમી કરવા જાહેરાત કરાઈ ત્યારે પણ ટેકનીકલ શિક્ષણના અનુભવી વ્યાખ્યાતાઓની બાદબાકી કરાઈ છે. શિક્ષણમંત્રીને અનેકવાર રજુઆત કરવા છતા કોઈ નિવેડો ન આવતા સહાયક પ્રાધ્યાપકો અને લેકચર્સ લડાયક મુડમાં જણાયા છે. જેથી તા.૪ ઓકટોબરના રોજ ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે હજ્જારોની સંખ્યામાં એકત્ર થઈને મહાઉપવાસ કરીને સરકાર સુધી તેઓની લાગણી અને માંગણી પહોંચાડશે.

# બી.સી.એ. કોલેજમાં સોફ્ટ-સ્કીલ ડેવલપમેન્ટનો શોર્ટ-ટર્મ કોર્સ યોજાયો

ગાંધીનગર, તા. ૩

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ નોકરી ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે “પ્રોફેશનલ સ્કીલ્સ ડેવલોપમેન્ટ” ટ્રેઈનીંગ-શોર્ટ ટર્મ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટ્રેઈનીંગ પ્રોગ્રામમાં ફાઈનલ સેમેસ્ટરના કુલ ૩૫૦ વિધાર્થીઓએ ભાગ લીધો હતો જેઓને કુલ ૩૮ કલાકની ટ્રેઈનીંગ આપવામાં આવી હતી.આ ટ્રેઈનીંગ પ્રોગ્રામમાં વિષય નિષ્ણાત તરીકે સુસ્વસ્તી શર્મા અને ડો. નેહા જોષીએ પોતાની સેવાઓ આપી હતી. આવી ટ્રેઈનીંગ આપવા માટે યુનિવર્સીટી કક્ષાએ નિષ્ણાતોની એક ટીમ તૈયાર કરવામાં આવેલ છે જે આ યુનિવર્સીટી સંલગ્ન વિવિધ કોલેજોમાં વિદ્યાર્થીઓને જુદી જુદી ટ્રેઈનિંગ આપવા માટે કાર્ય કરે છે. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા કોલેજના ડાયરેકટર ડૉ. સંજય એમ. શાહ અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના “કમ્યુનીકેશન એન્ડ સ્કીલ્સ ડેવલોપમેન્ટ” ડીપાર્ટમેન્ટના હેડ ડો. જીનલ જોષીના માર્ગદર્શન હેઠળ કોલેજના આઈઆઈઆઈ સેલના સભ્યો ડો. રીચા મેહતા, પ્રો. પ્રિયંકા શાહ, પ્રો. કેતન સાળુંકે, પ્રો. જીગ્નેશ પટેલ, ડો. નિધિ દીવેચા અને કોલેજના સોફ્ટ સ્કીલ્સ ડેવલોપમેન્ટ સેલના સભ્યો પ્રો. શ્વેતા વ્યાસ, પ્રો. રેબેકા જોબદાસ, પ્રો. રીમા શેલત, પ્રો. વિજય ઠાકુરએ ખુબજ જહેમત ઉઠાવી હતી.



બિનઅનામત વર્ગો માટે આયોગ રચવાના નિર્ણય બદલ સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા સમાજના મહામંત્રી નરેન્દ્રભાઈ વ્યાસે મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીને પુષ્પગુજ આપી અભિવાદન કર્યું હતું.

# લોક વિકાસ મંચનો ચૂંટણી ઢંઢેરો જાહેર કરાયો

ગાંધીનગર, તા. ૩

ગુજરાતમાં વધુ એક રાજકીય પક્ષની રચના થયેલ છે. જે ભાજપ અને કોંગ્રેસનો વિકલ્પ બને તેમજ આમ જનતાના ગરીબો, દલિતો-આદિવાસી, લઘુમતીઓના સર્વાંગી વિકાસ માટે આગામી વિધાનસભાની ચૂંટણી માટેનો ઢંઢેરો બહાર પાડેલ છે.

જેમાં શિક્ષણ, કૃષિક્ષેત્ર, સરકારી નોકરીઓ, ભ્રષ્ટાચાર-મોંઘવારી, સિંચાઈ, પીવાના પાણી અને વીજળી આરોગ્ય સેવાઓ, અનામત જાતિ, આદિવાસી જાતિનો વિકાસ તથા અન્ય પ્રજાકિય પ્રશ્નોને વાચા આપેલ છે.

શિક્ષણમાં તમામ સ્તર ખાનગી બદલે સરકારી ધોરણે વ્યવસ્થા કરવી કારણ કે ખાનગી શાળાઓમાં ફીનું ધોરણ ઠરાવવુ, સહકારી તથા ગ્રાન્ટેડ શાળાઓમાં ધો. ૧૨ સુધી શિક્ષણ મફત કરવું.

કૃષિક્ષેત્રે પોષણક્ષમ ભાવો મળે તેવી નીતિ બનાવશે. રાહતદરે બિયારણ-ખાતર મળે તેવી વ્યવસ્થા.

સરકારી નોકરીઓમાં કોન્ટ્રાકટ પદ્ધતિ બંધ કરાશે. નિયમિત ભરતી કરી રોજગારી આપશે. ફીક્સ પગારની પ્રથા બંધ, લઘુત્તમ વેતનના ધારાનો અસરકારક અમલ. મોંઘવારીને કાબુમાં લેવા શ્રેણીબદ્ધ પગલાં લેશે. ભ્રષ્ટાચાર નાબુદ કરવા પારદર્શક વહીવટ બનાવાશે. બંધ પડેલ ઉદ્યોગોને પુનઃ જીવીત કરાશે.

નર્મદા યોજનાની બ્રાન્ચ કેનાલાને વિસ્તૃત બનાવી અગ્રીમતા ધોરણે પુરી કરાશે.